ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી** તા: ૧૩/૭/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી,
ભાવનગર

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા.૧૧ જુલાઈ WORLD POPULATION DAY ની ઉજવણી નિમિત્તે યોજાયેલ વકતવ્ય

તા. ૧૧ જુલાઈ ના દિવસને વિશ્વ વસ્તી દિવસ **WORLD POPULATION DAY** તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે 'No excuses protect women's life is a priority, in any circumstance, and at all time' ની થીમના આધારે ઉજવણી કરવામાં આવી રહી છે.

જેના અનુંસંધાને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા સ્વામિ વિવેકાનંદ M.S.W. કોલેજ, સિદસર રોડ, ભાવનગર ખાતે વિદ્યાર્થીઓ માટે **ડૉ.વિજય ઝરીવાલા** (અર્થ શાસ્ત્ર ભવન,એમ.કે. યુનિ.ભાવ.) નું વકતવ્ય રાખવામાં આવેલ.

તેમણે પોતાના વકતવ્યમાં જણાવેલ કે સમગ્ર વિશ્વમાં ૧૯૮૭ની સાલથી વિશ્વ વસ્તી દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. યુધ્ધના કારણે વિસ્થાપિત થતી પ્રજાની સમસ્યા જેમાં ખાસ કરીને સ્ત્રીઓ અને બાળકોને લઈને આજનો દિવસ ઉજવવામાં આવે છે. **વસ્તી વધારો ગુણાત્મક રીતે વધે છે.** વસ્તી વધારાને કારણે લોકોને પોતાની પ્રાથમિક જરૂરિયાતો જેવી કે ખોરાક, રહેઠાણ તેમજ શિક્ષણ પણ મળી શકતા નથી. વિશ્વની કુલ વસ્તીમાંથી ૧૭.૫% વસ્તી ભારતમાં વસે છે. અન્ય દેશોની કુલ વસ્તીની સરખામણી જેટલા આપણા દેશમાં નર્સરીમાં ભણતા બાળકો છે. ભારત વિશ્વમાં વસ્તીની દ્રષ્ટિએ બીજા ક્રમે છે. જયારે ભૌગોલિક રીતે પાંચમાં ક્રમે છે. વિશ્વમાં ૧૫% લોકો અલ્પપોષિત છે જેમાંના મોટાભાગના ભારતમાં વસે છે. આ વાતની સમજ સરળશૈલીમાં સમજાવતા જણાવેલ કે પરીવામાં જો ઓછા સભ્યો હોય તો સારી રીતે રહી શકાય છે. સમગ્ર કાર્યક્રમ દરમિયાન કોલેજના પ્રિન્સીપાલ શ્રી જયસુખભાઈ ડાભીએ પૂરતો સહકાર આપેલ. કાર્યક્રમની સફળતા માટે લોક વિજ્ઞાન કેન્દ્રની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન સંસ્થાના ચેરમેન ડૉ.ભાવેશભાઈ ભરાડે આપેલ.

પ્રી.પ્ર.ત્રિવેદી
(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.